# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 08-04-2024 Midday : 1.20 to 1.30

Day : Monday National News

### આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*********************************************************************

- ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે છત્તીસગઢના બસ્તર ડિવિઝનમાં એક જનસભાને સંબોધશે.
- લોકસભાની ૪૪ બેઠકોની ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનોં આજે છેલ્લો દિવસ છે.
- આગામી લોકસભાની ચૂંટણીમાં યુવાનો અને શહેરી મતદારોની ભાગીદારી વધારવા માટે ચૂંટણીપંચે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર અનેક નવીન અને અનોખી ઝુંબેશ શરૂ કરી છે..
- ચૈત્રી નવરાત્રી પૂર્વે કટરા અને માતા વૈષ્ણોદેવી ભવનને આયાતી ફૂલોથી સજાવાયા. તો ગુજરાતના પાવાગઢમાં શ્રધ્ધાળુઓ માટે વન વે પથ તૈયાર કરાયો.
- હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી પૂર્વ, મધ્ય અને દ્વીપકલ્પના ભાગોમાં વાવાઝોડાં, સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી - ગુજરાતમાં ગરમીનો પારો ઉંચો રહેવાના શક્યતા
- IPL ક્રિકેટમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ટકરાશે.

*********************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM VISIT VIDARBHA

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે છત્તીસગઢના બસ્તર ડિવિઝનમાં એક જનસભાને સંબોધશે. શ્રી મોદી બસ્તર વિભાગના ભાનપુરી વિસ્તારના આમબલ ગામમાં વિજય સંકલ્પ શંખનાદ રેલીને સંબોધિત કરીને છત્તીસગઢમાં ભાજપ માટે લોકસભા ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે.

ત્યાર બાદ તેઓ આજે સાંજે ચંદ્રપુર અને ગઢચિરોલી લોકસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરવા મહારાષ્ટ્રના ચંદ્રપુરની મુલાકાત લેશે. મોરવા એરપોર્ટ ગ્રાઉન્ડ ખાતે યોજાનારી જાહેર સભામાં રાજ્યના ભાજપના વરિષ્ઠ નેતાઓ અને મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનના નેતાઓ પણ હાજરી આપશે.

પ્રધાનમંત્રી આગામી 10મી તારીખે રામટેક લોકસભા મતવિસ્તારના કન્હાન વિસ્તારમાં મહાયુતિના ઉમેદવાર રાજુ પારવે માટે પ્રચાર પણ કરશે. શ્રી પારવે નાગપુર ગ્રામીણથી રામટેક લોકસભા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે.

નાગપુર, રામટેક, હાન્દ્રાપુર, ગઢચિરોલી-ચિમુર અને ભંડારા-ગોંદિયા સહિત પૂર્વીય વિદર્ભની પાંચ બેઠકો પર આગામી 19મી તારીખે મતદાન થશે.

બીજી તરફ પશ્ચિમ બંગાળના પુરુલિયાના હુડાના લોધુરકામાં જાહેર સભાને સંબોધતા તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ કહ્યું છે કે તેમની પાર્ટી રાજ્યના લોકોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે..

# 2ND PHASE- NOMINATION WITHDRAWAL

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનોં આજે છેલ્લો દિવસ છે. આ તબક્કામાં, 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીના ભાગની 88 લોકસભા બેઠકો માટે આગામી 26 તારીખે મતદાન યોજાશે. બાહ્ય મણિપુર મતવિસ્તારના એક ભાગમાં પ્રથમ તબક્કામાં 19મી એપ્રિલે મતદાન થશે.

કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરની બેઠકો માટે બીજા તબક્કામાં મતદાન થશે.

# ECI-SOCIAL MEDIA

આગામી લોકસભાની ચૂંટણીમાં યુવાનો અને શહેરી મતદારોની ભાગીદારી વધારવા માટે ચૂંટણીપંચે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર અનેક નવીન અને અનોખી ઝુંબેશ શરૂ કરી છે.. ચૂંટણી પંચ ટર્નિંગ 18 અને યુ આર ધ વન જેવા અભિયાનોના માધ્યમથી ચૂંટણીપંચના લોકપ્રિય આઇકોન અને જેમ Z સામગ્રીનો ઉપયોગ કરીને અનુરૂપ સંદેશાઓ તૈયાર કરી રહ્યું છે.

ચૂંટણી પંચના ટર્નિંગ 18 અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને આગામી ચૂંટણીઓમાં ભાગ લેવા પ્રેરિત કરવાનો છે અને ગત

ચૂંટણીઓમાં જોવા મળેલા શહેરી અને યુવા મતદારોની ઉદાસીનતાના નિર્ણાયક મુદ્દાઓને શોધવાનો છે.

બીજી તરફ, "તમે એક છો" અભિયાનનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયામાં સામેલ વિવિધ લોકોના અમૂલ્ય યોગદાનને ઓળખવાનો છે અને તેની ઉજવણી કરવાનો છે. ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાઓ પર ખોટા સમાચારો અને ખોટી માહિતીને રોકવા માટે પણ ખાસ ઝુંબેશ શરૂ કરી છે.

તાજેતરમાં ચૂંટણીપંચ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, એકસ અને યુટ્યૂબ જેવા મુખ્ય સોશિયલ પ્લેટફોર્મ ઉપર સક્રિય બનીને યુવા મતદારોને જાગૃત કરી રહ્યું  છે.

## NCERT-COPYRIGHT

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ-NCERT એ તેની શૈક્ષણિક સામગ્રીના કોપીરાઈટ ઉલ્લંઘન અંગે ચેતવણી જાહેર કરતાં કહ્યું છે કે, જો કોઈ વ્યક્તિ કે સંસ્થા કોપીરાઈટની પરવાનગી વગર કોમર્શિયલ ઉપયોગ માટે NCERTના પાઠ્યપુસ્તકોની સામગ્રી પ્રકાશિત કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. NCERT એ લોકોને આવા પાઠ્યપુસ્તકો ઉપયોગ ન કરવા વિનંતી કરતાં કહ્યું છે કે, તેમાંની સામગ્રી ખોટી હોઈ શકે છે.

આ ઉપરાંત જણાવાયું છે કે, કે જો કોઈ વ્યક્તિને આવી પાઈરેટેડ પાઠ્યપુસ્તકો અથવા કાર્યપુસ્તકો મળે, તો તેણે તરત જ pd.Nncert@nic.in ઈમેલ પર જઈને NCERTને જાણ કરવા અનુરોધ કરાયો છે.

## J&K NAVRATRI

જમ્મુમાં આવતીકાલથી શરૂ થતાં ચૈત્ર નવરાત્રીના તહેવાર પહેલા કટરા અને માતા વૈષ્ણો દેવી ભવનને આયાતી ફૂલોથી સજાવવામાં આવ્યા છે.. આ આયાતી પ્રજાતિઓમાં ગ્લેડીયોલસકાર્નેશન, લિલિયમઅને એન્થુરિયમ ઓર્કિડનો સમાવેશ થાય છે જે લગભગ દસ દિવસ સુધી તાજા રહે છે. આખાસ અવસર પર, આફૂલોના કારણે વૈષ્ણો દેવી ભવનની દ્રશ્ય સુંદરતા વધે છે.

ગુજરાત રાજ્યના પાવાગઢ શક્તિપીઠ ખાતે ચૈત્ર નોરતા અંતર્ગત ભક્તોને સરળતાથી દર્શન થઈ સકે તે માટે યાત્રાળુઓને આવા જવા માટે વન વે પથ તૈયાર કરાયો છે તો નવે નવ દિવસ શક્તિપીઠ ખાતે માતાજીના ચંડીપાઠને સાથે માતાજીને નિતનવા શણગારો થશે..

# DELHICOURT-KAVITHA

દિલ્હીની એક કોર્ટેભારત રાષ્ટ્ર સમિતિ-બીઆરએસના નેતા કે. કવિતાની વચગાળાની જામીન અરજી નામંજૂર કરી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડના સંબંધમાં કે. કવિતાની ધરપકડ કરવામાં આવી હતી. હાલ તે તિહાર જેલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

કવિતાએ તેના પુત્રની પરીક્ષા માટે જરૂરી નૈતિક અને ભાવનાત્મક સમર્થનને ટાંકીને જામીન માટે અપીલ કરી હતી. સ્પેશિયલ સીબીઆઈ કોર્ટના જજ કાવેરી બાવેજાએ જામીન ફગાવી દીધા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આનો વિરોધ કરતા કહ્યું કે કવિતાએ પુરાવાનો નાશ કર્યો છે અને કેસમાં સાક્ષીઓને પ્રભાવિત કર્યા છે. આ કેસમાં દિલ્હીનામુખ્યમંત્રી અરવિન્દ્ કેજરીવાલ અને પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાની પણ ધરપકડ કરવામાં આવી છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી પૂર્વ, મધ્ય અને દ્વીપકલ્પના ભાગોમાં વાવાઝોડાં, કરાનાં તોફાનો અને તોફાની પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

આ મહિનાની 11મી તારીખ સુધી મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મરાઠવાડા, વિદર્ભ ઝારખંડ, પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તારો, ઓડિશા અને મહારાષ્ટ્રમાં 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડા, વીજળી અને પવન સાથે

છૂટાછવાયાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેવી જ રીતે આજે અને આવતીકાલે ઓડિશા, મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ અને મરાઠવાડામાં છૂટાછવાયા સ્થળોએ કરા પડવાની સંભાવના છે.

દરમિયાન, દિલ્હીમાં  આજે મુખ્યત્વે આકાશ સ્વચ્છ રહેશે જ્યારે મહત્તમ તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાત રાજ્યમાં આગામી 2 દિવસ દરમ્યાન ગરમીનો પ્રકોપ યથાવત રહેશે ગરમીનો પારો 41 ડિગ્રીથી વધુ જવાની સંભાવના રહેલી છે.

તો કર્ણાટકના ઉત્તર અને મધ્ય જીલ્લા માટે હિટવેવની આગાહી જારી કરી છે. કલબુર્ગી જીલ્લામાં સૌથી વધુ 42.7 ડિગ્રી અને બેંગ્લોરમાં 37.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# SOLAR ECLIPSE

આજે ઉત્તર અમેરિકામાં સંપૂર્ણ સૂર્યગ્રહણ રહેશે. તે એક દુર્લભ ખગોળીય ઘટનાનું સાક્ષી બનશે. જોકે, ભારતમાં આ ખગોળીય ઘટના લોકો જોઈ શકશે નહીં. તે પેસિફિક મહાસાગરથી મેક્સિકો, અમેરિકા અને કેનેડા સુધી જોઈ શકાશે. ભારતીય સમય અનુસાર, સૂર્યગ્રહણ રાત્રે 9 વાગ્યેને 12 મિનિટે શરૂ થશે અને 2 વાગ્યેને 22 મિનિટે સમાપ્ત થશે.

ઉલ્લેખનીય છે , સૂર્યગ્રહણ દરમિયાન ચંદ્ર , પૃથ્વી અને સૂર્યની વચ્ચેથી પસાર થાય છે અને સૂર્યના પ્રકાશને સંપૂર્ણ અથવા આંશિક રીતે અવરોધે છે. જ્યારે ચંદ્ર સૂર્યને સંપૂર્ણપણે આવરી લે છે, ત્યારે તેનો પડછાયો પૃથ્વી પર પડે છે. આ સૂર્યગ્રહણ મેક્સિકો, યુએસએ અને કેનેડા વચ્ચે 185 કિલોમીટરની ત્રિજ્યામાં જોવા મળશે.

## J&K- LANDSLIDE

જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના રામબન જિલ્લામાં ગઈકાલે સાંજે ભૂસ્ખલનથી જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહન વ્યવહાર ખોરવાયો હતો.

રાત્રી દરમિયાન નેશનલ હાઈવે પર વાહનવ્યવહાર સ્થગિત રહેવા છતાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના કર્મચારી અને તંત્રએ હરકતમાં આવીને હાઈવે પરથી કાટમાળ હટાવ્યા બાદ હાઈવે ટ્રાફિક માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. હાલ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગની બંને તરફ વાહનવ્યવહાર સુચારૂ રૂપે ચાલુ છે.

## IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ટકરાશે..

આ મેચ સાંજે 7.30 કલાકે શરૂ થશે. લખનૌ સુપર જાયન્ટ્સે લખનૌમાં ગુજરાત ટાઇટન્સને 33 રનથી હરાવ્યું હતું. 164 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાતની ટીમ 18.5 ઓવરમાં 130 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ગુજરાત ટાઇટન્સ માટે સાઇ સુદર્શને સૌથી વધુ 31 રન બનાવ્યા હતા. જ્યારે યશ ઠાકુરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ગઈકાલે બપોરે મુંબઈમાં મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને 29 રને હરાવ્યું હતું. જીતવા માટે 235 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 205 રન બનાવ્યા હતા.

# INDIA-PERU TRADE MEET

ભારત-પેરુ વેપાર કરાર વાટાઘાટોનો સાતમો તબક્કો નવી દિલ્હીમાં શરૂ થયો છે. આ બેઠકનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવાનો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ વિભાગે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ પહેલ ભારત અને પેરુ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટેની દેશની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

# FRANCE- EXPLOSION

ફ્રાન્સની રાજધાની પેરિસમાં ગઈકાલે રાત્રે આઠ માળની ઈમારતમાં આગ લાગવાને પગલે થયેલા વિસ્ફોટમાં ત્રણ લોકોના મોત થયા હતા. વિસ્ફોટનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. અકસ્માતનું કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે. પેરિસમાં છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રકારનો ત્રીજો વિસ્ફોટ થયો છે.